ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ | 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને આંબવા સરકારનો માસ્ટર પ્લાન

# ચરોતરના ઉદ્યોગોને લિક્વિડ લાઈન અને વીજળી આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું મોટું પીઠબળ મળશે

**દરેક ઝોન માટે** અલગ 'ઇકોનોમી રિવિઝન' જાહેર કરાતાં ઉદ્યોગોને સરળતા રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

રાજ્યના મિશન અને ધ્યેયને સિદ્ધ કરવાના મક્કમ નિર્ધાર સાથે ગુજરાત સરકાર દ્વારા 'ઔદ્યોગિક નીતિ-૨૦૨૬'ની જાહેરાત કરવામાં આવી છે. આ નવી નીતિ ગુજરાતને દેશનું સાચું 'ગ્રોથ એન્જિન' બનાવવાની ક્ષમતા ધરાવે છે. ૧લી જૂન, ૨૦૨૫ના રોજ જેનો પાયો નખાયો હતો, તે આ નીતિમાં 'વિકસિત ગુજરાત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે દૂરંદેશીભર્યા નિર્ણયો લેવામાં આવ્યા છે.

આ નીતિમાં પ્રાદેશિક સમસ્યાઓના ઉકેલ પર ખાસ ધ્યાન અપાયું છે. ખાસ કરીને ચરોતર પ્રદેશમાં વર્ષોથી ખુંચતી મિક્સ લિક્વિડ ગટર લાઈનની સમસ્યાના કાયમી નિકાલ માટે આ નીતિમાં વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, ચરોતરના ઉદ્યોગોને વેગ આપવા માટે આગામી સમયમાં વીજળી આધારિત ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે, જે પ્રદૂષણ ઘટાડવામાં પણ મદદરૂપ થશે. નવા સાહસિકો અને સ્ટાર્ટઅપ્સ માટે આ નીતિમાં અનેક રાહતો અને પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા છે. સરકારનું લક્ષ્ય છે કે સ્થાનિક સ્તરે રોજગારી વધે અને ગુજરાત વૈશ્વિક સ્તરે મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવે. જેનો ફાયદો સ્થાનિક યુવાનો પણ થશે.

### જનપ્રતિનિધિઓનો અભિપ્રાય લેવાશે

આ નીતિના અમલીકરણમાં સ્થાનિક જરૂરિયાતોને મહત્વ આપવા માટે જે-તે વિસ્તારના ધારાસભ્ય અને સાંસદ સભ્યોના અભિપ્રાય લેવાની પણ જોગવાઈ કરવામાં આવી છે, જેથી નીતિનો લાભ છેવાડાના ઉદ્યોગ સુધી પહોંચી શકે. આ નવી ઔદ્યોગિક નીતિ માત્ર આર્થિક સુધારા નથી, પરંતુ ગુજરાતને ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત રાજ્ય બનાવવા તરફનું એક નિર્ણાયક પગલું ગણાવાઇ રહ્યું છે.

### ઝોન વાઇઝ આર્થિક વિકાસનું મોડેલ

સરકાર દ્વારા રાજ્યના અલગ-અલગ વિસ્તારો માટે વિશિષ્ટ આર્થિક આયોજન કરવામાં આવ્યું છે.

**કચ્છ ઇકોનોમી રિવિઝન:** સરહદી જિલ્લાના વિકાસ માટે ખાસ બ્લુપ્રિન્ટ.

**સૌરાષ્ટ્ર ઇકોનોમી રિવિઝન:** દરિયાકાંઠાના અને નાના ઉદ્યોગોના ઉત્થાન માટે.

**મધ્ય અને દક્ષિણ ગુજરાત વિઝન:** કેમિકલ અને ટેક્સટાઇલ બેલ્ટના આધુનિકીકરણ પર ભાર.

**સુરત ઇકોનોમી રિવિઝન:** હીરા અને ટેક્સટાઇલ ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં ટકાવી રાખવા ખાસ પેકેજ.

## કપડવંજમાં 'જ્યેષ્ઠાભિષેક મહોત્સવ' નિમિત્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાનને મહાભિષેક



કપડવંજ શહેરના ઐતિહાસિક શ્રી નારાયણ દેવ મંદિરમાં જેઠ સુદ ચતુર્દશી અને જ્યેષ્ઠા નક્ષત્રના પાવન અવસરે પરંપરાગત જ્યેષ્ઠાભિષેક (સ્નાનયાત્રા) મહોત્સવ ભવ્યતા અને વૈદિક વિધિ-વિધાન સાથે ઉજવવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, આ મહોત્સવ ભગવાન શ્રીકૃષ્ણ પર નંદબાવા દ્વારા કરવામાં આવેલા રાજ્યાભિષેકના પાવન પ્રસંગની સ્મૃતિમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. આ મહોત્સવના પ્રારંભે વેદપાઠી બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે અધિવાસિત, સુવાસિત અને શીતળ જળથી ભગવાન શ્રી નારાયણ દેવનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. મંગળા આરતી બાદ વિવિધ પવિત્ર દ્રવ્યો અને ઔષધિઓ વડે ભગવાનને વર્ષનું સૌથી વિશેષ સ્નાન કરાવવામાં આવ્યું હતું. આ પૂર્વેના દિવસે જળયાત્રા યોજી પવિત્ર જળ લાવી તેનું અધિવાસન કરવાની પરંપરા પણ નિભાવવામાં આવી હતી. મંદિરના વારાદારી સેવક શ્રી ભગવતભાઈ જોષીના જણાવ્યા અનુસાર, વૈષ્ણવ પરંપરામાં આ સ્નાનયાત્રાનું અત્યંત મહત્વ છે. આ દિવ્ય મહોત્સવના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા, જેનાથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. **તસવીર : હરિશ જોષી**

# ખેડૂત સાથે પશુ ખરીદીમાં ૧.૪૯ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૮

વીરપુર તાલુકાના રળીયાતા ગામના ખેડૂત પશુ ખરીદીના નામે વિશ્વાસઘાત અને ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બન્યા છે. માણસાના વિહાર ગામે તબેલો ચલાવતા શખ્સે ખેડૂત પાસેથી ૧.૪૯ લાખ રૂપિયા પડાવી લીધા બાદ પશુઓ પણ પરત મેળવી લીધા હતા.

વીરપુર તાલુકાના રળીયાતા ગામે રહેતા ૪૯ વર્ષીય ખેડૂત વિનોદભાઈ વિઠ્ઠલભાઈ પટેલે પોતાની દૂધ મંડળીની શરત મુજબ બે દુધાળા પશુ રાખવા માટે માણસાના વિહાર ગામે તબેલો ચલાવતા લાલાભાઈ ગમાભાઈ સેનમાનો સંપર્ક કર્યો હતો. બંને પશુઓની કુલ કિંમત રૂ. ૧.૫૦ લાખ નક્કી કરવામાં આવી હતી. તબેલા માલિકે બાહેધરી આપી હતી કે, જો પશુઓમાં કોઈ ખામી જણાશે તો પૈસા પાછા અપાશે અથવા પશુ બદલી આપવામાં આવશે.

આ વિશ્વાસ પર વિનોદભાઈએ રોકડા અને ઓનલાઈન મારફતે કુલ રૂ. ૧.૪૯ લાખ ચૂકવી દીધા હતા. જોકે, ઘરે લાવ્યા બાદ પશુઓ દૂધ આપતા ન હોવાથી શરત મુજબ ખેડૂતે પશુઓ પરત મોકલી આપ્યા હતા. પશુઓ પરત મેળવ્યા બાદ લાલાભાઈ સેનમાએ ખેડૂતને રૂપિયા પાછા આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. એટલું જ નહીં, વિનોદભાઈએ પોતાના નાણાંની ઉઘરાણી કરતા તેમને ધમકાવ્યા હતા કે, "જો હવે રૂપિયા માંગવા આવશો તો તમારી પર એટ્રોસિટીનો કેસ કરી ફસાવી દઈશ." આ બનાવ અંગે વીરપુર પોલીસે આરોપી લાલાભાઈ સેનમા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મનપામાં સત્તાનો ખેલ | ચૂંટાયેલી પાંખની નિષ્ક્રિયતા સામે લોકશાહી પ્રણાલી પર સવાલો

# નડિયાદ મનપામાં સ્ટેન્ડિંગ કમિટીએ નિર્ણયોની સત્તા કમિશનરને સોંપી !

**કાંસ સફાઈ** અને શ્રમિકો પૂરા પાડવાના લાખોના કામોમાં નિયમો નેવે મુકાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

નડિયાદ મનપાની નવી રચાયેલી બોડીની પ્રથમ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં જ વહીવટી અને ચૂંટાયેલી પાંખ વચ્ચેની સત્તાની વહેંચણીના નિયમોનો ભંગ થતો જોવા મળ્યો છે. શહેરના વિકાસના અને લાખો રૂપિયાના બે મોટા કામોનો નિર્ણય કમિટીએ લોકશાહી ઢબે જાતે લેવાના બદલે મ્યુનિસિપલ કમિશનરને તમામ સત્તા સોંપી દેતા તર્કવિતર્કો વહેતા થયા છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાની સત્તા વાપરવાને બદલે અધિકારીઓ પર ઢોળી રહ્યા હોવાથી પ્રશ્નાર્થો ઊભા થયા છે.

સામાન્ય રીતે મનપામાં સ્ટેન્ડિંગ કમિટી નાણાકીય બાબતો અને મોટા પ્રોજેક્ટને મંજૂરી આપવા માટે સૌથી મહત્વની કમિટી ગણાય છે. તારીખ 5મી જૂન, 2026ના રોજ મળેલી બેઠકમાં નડિયાદ વિસ્તારમાં કાંસ સફાઈ અને દૈનિક 60 સફાઈ કામદારો પૂરા પાડવા અંગેના એજન્ડા હતા. નિયમ મુજબ, ચૂંટાયેલી પાંખે ભાવો મંજૂર કરી ઠરાવ કરવાનો હોય છે અને કમિશનરે માત્ર તેનો અમલ કરવાનો હોય છે. પરંતુ અહીં કમિટીએ એસ.એન. વાણિયા અને ડી.જી. નકરાણી જેવી એજન્સીઓના ભાવો મંજૂર કરવાની અને આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા કમિશનરને સોંપી દઈને નિયમોનું ઉલ્લંઘન કર્યું છે.

### જવાબદારીમાંથી મુક્તિ કે આર્થિક મિલીભગત?

ચૂંટાયેલા સભ્યો દ્વારા સત્તાના આ હસ્તાંતરણ પાછળ 'મલાઈ' તારવવાનો ઈરાદો હોવાની પણ ચર્ચાઓ જાગી છે. જો ભવિષ્યમાં આ કામોમાં કોઈ તપાસ આવે તો સત્તાધારી સભ્યો સીધો બચાવ કરી શકે કે આ નિર્ણય કમિશનરનો હતો. પ્રજાના ટેક્સના પૈસાનો ઉપયોગ કેવી રીતે કરવો ? તે નક્કી કરવાને બદલે બધું અધિકારીઓ પર છોડી દેવાથી વહીવટમાં પારદર્શિતા જોખમાઈ છે.

### 'નગરપાલિકા' જેવો જ વહીવટ યથાવત

નડિયાદમાં જ્યારે નગરપાલિકા હતી, ત્યારે પણ કમિટીઓ માત્ર નામની જ રહેતી અને અંતિમ નિર્ણય લેવાની સત્તા ચીફ ઓફિસર કે પ્રમુખને આપી દેવાતી હતી. આજે મહાનગરપાલિકા બન્યા પછી પણ વહીવટની એ જ જૂની અને ગેરરીતિને પ્રોત્સાહન આપતી પદ્ધતિઓ બદલાઈ નથી, જે શહેરના વિકાસ માટે ચિંતાનો વિષય છે.

# આણંદમાં ટેમ્પો પલટી જતાં ટ્રાન્સપોર્ટ ક્લાર્કનું કરુણ મોત

**ચિખોદરા** બ્રિજ પાસે ટાયર ફાટતા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદના ચિખોદરા બ્રિજ પાસે સ્કોડા શો-રૂમ નજીક વહેલી સવારે ટેમ્પો પલટી મારી જતાં તેમાં સવાર ૪૨ વર્ષીય ક્લાર્કનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

વસો તાલુકાના લવાલ ગામે રહેતા સંદીપકુમાર રણજીતસિંહ ચૌહાણ (ઉ.વ. ૪૨) નડિયાદની જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. રવિવારે વહેલી સવારે તેઓ ટેમ્પો (GJ-07-AU-0580) માં સામાન ભરી કરજણના નારેશ્વર આશ્રમ ખાતે જવા નીકળ્યા હતા. સવારે પોણા સાતેક વાગ્યાના સુમારે ચિખોદરા બ્રિજ ચડતી વખતે ટેમ્પોનું પાછળનું ટાયર અચાનક ફાટતા ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને ટેમ્પો રોડ પર જ પલટી ખાઈ ગયો હતો.

આ અકસ્માતમાં ટેમ્પો પલટી ખાતા ડાબી બાજુ બેસેલા સંદીપકુમાર પર આખું વાહન પડ્યું હતું, જેના કારણે તેમને માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે આણંદ ટાઉન પોલીસે ટેમ્પો ચાલક મુનીરઅહેમદ વકીલઅહેમદ ખાન વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બાકરોલની SPCAM કોલેજમાં વિદ્યાર્થીઓ માટે છ દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ સંપન્ન

**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલ સંચાલિત SPCAM કોલેજમાં બીસીએ અને બીબીએના દ્વિતીય તથા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા શૈક્ષણિક સફળતાના સૂત્રો, સમય વ્યવસ્થાપન, અને સર્જનાત્મક વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓએ પ્રેરણાદાયી ફિલ્મ નિહાળી હતી અને અગ્રણી કંપનીઓની ઔદ્યોગિક મુલાકાત લઈને વ્યવહારુ જ્ઞાન મેળવ્યું હતું. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટીમંડળે આ આયોજન બદલ સ્ટાફ અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



### આણંદની સીઈએસ ફાઇન આર્ટ્સ એકેડમી ખાતે વિદ્યાર્થીઓ માટે 'સ્ટુડન્ટ કાઉન્સેલિંગ' સત્ર યોજાયું

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. ઈ. એસ. એકેડમીમાં નવા સત્રના ભાગરૂપે કલા ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે વિશેષ સત્ર યોજાયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંગીત, નૃત્ય, ચિત્ર અને નાટ્યકલા જેવા સર્જનાત્મક વિષયોમાં રહેલી ઉજ્જવળ તકો વિશે ઊંડાણપૂર્વક માહિતગાર કરવામાં આવ્યા હતા. નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ અને લક્ષ્ય નિર્ધારણ અંગે માર્ગદર્શન આપી તેમની કારકિર્દી વિષયક મૂંઝવણો દૂર કરવામાં આવી હતી. સંસ્થાના મંત્રી કે. ડી. પટેલ અને ડો. નિખિલ પટેલે સહભાગી વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક સત્ર માટે પ્રોત્સાહિત કરી ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની ડીએન હાઈસ્કૂલમાં ૨૦મું 'ધુમાનભાઈ સ્મારક વ્યાખ્યાન' અને એવોર્ડ વિતરણ સમારોહ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. હાઈસ્કૂલમાં ધુમાનભાઈ શતાબ્દી સ્મારક વ્યાખ્યાનમાળાનું ૨૦મું ચરણ યોજાયું, જેમાં મુખ્ય વક્તા ડો. ઋતમ બહેન ઉપાધ્યાયે 'નૂતન ભારત કે સર્જન કે લિએ આવશ્યક શિક્ષા' વિષય પર પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલની અધ્યક્ષતામાં શૈક્ષણિક અને વહીવટી ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપવા બદલ કિન્નરીબેન પ્રજાપતિ, મનોજભાઈ પટેલ, તૃષાલભાઈ પટેલ અને ભાવેશભાઈ ગોહીલને પ્રતિષ્ઠિત 'ધુમાનભાઈ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યાં હતાં.

### આણંદ શહેરના આઈપી મિશન કેમ્પસમાં યોગદિનની ઉજવણી કરવામાં આવી

**આણંદ** | શહેરની આઈપી મિશન ટ્રસ્ટ કેમ્પસ, આણંદમાં સામુદાયિક સેવા ધારા અંતર્ગતરાષ્ટ્રીય સેવા યોજના હેઠળ "Yoga for Healthy Ageing" થીમ અનુસાર 'આંતરરાષ્ટ્રીય યોગદિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ પ્રાંગણમાં વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ સહિત સમગ્ર સ્ટાફગણ ભેગા મળીને યોગ-પ્રાણાયામ કરીને સ્વાસ્થ્ય અંગે પગલાં લેવાય તથા જાગૃતિ ફેલાય તે વિષે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કેમ્પસ ડાયરેક્ટ અને કોલેજના આચાર્ય જતિન પઢીયાર તથા આચાર્યા ડો. અવની દવેના સહીયોગ હેઠળ સંસ્થાના ચેરમેનશ્રી વોલેસ ક્રિશ્ચિયન સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



### દેવાતજમાં 470 ખેડૂતોની ઉપસ્થિતિમાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી



**આણંદ** | આણંદના દેવાતજ ખાતે કેવીકે અને ખેતીવાડી ખાતાના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૩માં હપ્તાના જીવંત પ્રસારણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સોજીત્રા તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેન ગોહેલ સહિતના મહાનુભાવો અને ૪૭૦ જેટલા ખેડૂતોએ પશ્ચિમ બંગાળથી વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કેવીકેના વડા ડો. ડી.એમ. રાઠોડે ખેતી-પશુપાલનમાં આર્થિક મદદ વિશે અને ડો. આર. એમ. પટેલે પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતોને પ્રોત્સાહક માર્ગદર્શન આપ્યું હતું.

### પીએમ પટેલ કોલેજના એનસીસી કેડેટ્સે રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ મેળવતાં સન્માનિત કરાયાં

**આણંદ** | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી. એમ. પટેલ કોલેજના કેડેટ્સ બંસરી રોહિત અને પવનકુમાર રાઠોડે રાષ્ટ્રીય કક્ષાના વિવિધ એડવેન્ચર અને ટ્રેકિંગ કેમ્પમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. મહિલા કેડેટ બંસરી રોહિતે નાસિક, અજમેર અને પહેલગામના પ્રતિષ્ઠિત શિબિરોમાં ભાગ લીધો હતો, જ્યારે પવનકુમાર રાઠોડે અમરકંટક ટ્રેકિંગ અને આરડીસી સહિતની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. જે બદલ વિદ્યાનગર NCC ગ્રુપ કમાન્ડર બ્રિગેડીયર પી. એસ. અરોરા દ્વારા તેઓને વિશેષ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પટેલ, સીઇઓ ડો.પાર્થ પટેલે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.



### આણંદની આઈજે પટેલ બી.એડ્. કોલેજની વિદ્યાર્થિની પ્રિયલ સોની યુનિવર્સિટીમાં છઠ્ઠા ક્રમે રહી



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજનું સેમેસ્ટર-૨નું પરિણામ ખૂબ જ ઉત્કૃષ્ટ રહ્યું છે. કોલેજની વિદ્યાર્થીની પ્રિયલ સોનીએ ૯.૬૭ GPA સાથે યુનિવર્સિટીમાં છઠ્ઠો અને કોલેજમાં પ્રથમ ક્રમ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. રિના મકવાણા બીજા અને મેઘા પઢિયાર ત્રીજા ક્રમે રહ્યા છે, જ્યારે કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ૯૦% થી વધુ ગુણ મેળવી સફળતા મેળવી છે. આ ભવ્ય સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી, ડાયરેક્ટર અને આચાર્ય સહિત સમગ્ર સ્ટાફ પરિવારે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

### વિદ્યાનગરની સીવીએમ યુનિ.ના 45થી વધુ પ્રોફેસરોને એઆઈની તાલીમ અપાઇ



**આણંદ** | સીવીએમ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સક્ષમ બનાવવા તમામ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગનો ફરજિયાત સમાવેશ કર્યો છે. આ હેતુથી MBIT કોલેજમાં આયોજિત 5 દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામમાં 45થી વધુ પ્રોફેસરોને એક્સપર્ટ યોગી વસોયા દ્વારા 30 કલાકનું સઘન પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગમાં પ્રોમ્પ્ટ માસ્ટરી, એજન્ટિક AI અને વાઇબ કોડિંગ જેવા અત્યાધુનિક વિષયો દ્વારા અધ્યાપકોને ટેકનોલોજીથી સુસજ્જ કરી વિદ્યાર્થીઓના પાયા મજબૂત કરવા સજ્જ કરાયા છે.

### વિદ્યાનગરની ગ્રાન્ટેડ આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલનું ટેલેન્ટ સર્ચ ટેસ્ટમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું



**આણંદ** | વિદ્યાનગરની આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલના ધોરણ-૯ના ૩૫ વિદ્યાર્થીએ પ્રખરતા શોધ કસોટીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઝળહળતી સફળતા મેળવી છે. આ કસોટીમાં ભાગ લેનાર તમામ ૩૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે, જેમાં ૭ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આચાર્ય ભાવેશભાઈ ભટ્ટના પ્રોત્સાહન અને કો-ઓર્ડિનેટર ઋતિકાબેન પટેલના યોગ્ય માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. વિદ્યાર્થીઓની આ સફળતા બદલ શાળાના શિક્ષકમંડળ અને વાલીઓએ હર્ષની લાગણી વ્યક્ત કરી તમામ તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવ્યા છે.

### લુણાવાડાની લીંબડીયા પ્રાથમિક શાળામાં દાતાઓ દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

**લુણાવાડા** | લીંબડીયા પ્રાથમિક શાળામાં માનવસેવા ટ્રસ્ટ અને રામ રોટી સત્સંગ મંડળ, મણિનગરના સહયોગથી તમામ વિદ્યાર્થીઓને ચોપડા, પેન અને પેન્સિલ જેવી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મનહરભાઈ પટેલ અને સરપંચ કાળીદાસભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં શાળાની વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓથી મહેમાનોને વાકેફ કરાયા હતા. દાતાઓએ આગામી ડિસેમ્બર માસમાં શાળાના દરેક બાળકને સ્વેટર અર્પણ કરવાની ઉમદા ખાતરી આપી હતી. આ શૈક્ષણિક સહયોગ બદલ આચાર્ય અને શાળા પરિવારે દાતાઓનો આભાર માન્યો હતો.



### લુણાવાડામાં રાજપૂત સમાજ દ્વારા મહારાણા પ્રતાપને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

**લુણાવાડા** | લુણાવાડાની કોટેજ ચોકડી ખાતે રાજપૂત સમાજ દ્વારા વીર શિરોમણી મહારાણા પ્રતાપની જન્મજયંતી નિમિત્તે ગરિમાપૂર્ણ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓ અને યુવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મહારાણા પ્રતાપની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી "જય રાજપુતાના" ના નારા સાથે વાતાવરણ ગુંજવી દીધું હતું. અગ્રણીઓએ મહારાણા પ્રતાપના રાષ્ટ્રભક્તિ અને સ્વાભિમાનના આદર્શોને યુવા પેઢીએ જીવનમાં ઉતારવા જોઈએ તેવો પ્રેરક સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે સમાજમાં એકતા, શિક્ષણ અને સંસ્કારોના સિંચન પર વિશેષ ભાર મૂકતા મહારાણા પ્રતાપના બલિદાનની ગાથાઓ રજૂ કરવામાં આવી હતી.

